ડાયરેક્ટ ❤ સે

જે નિરાશાને
કદી જોતાં નથી
તે આશ કદી ખોતાં નથી
જે પ્રયત્નો પર
જીવી જાણે છે
તે કદી કિસ્મત પર રોતાં નથી

જન્મદિને વધામણી

અશ્વિન જે જાટીયા
નાયબ સેક્શન અધિકારી
સામાન્ય વહીવટ વિભાગ
મો. ૯૮૨૪૬ ૩૯૩૭૫

ચાર્વી નિમેષકુમાર પટેલ
મો. ૯૯૯૮૭ ૨૦૫૨૪

મિવાન બી આગજા

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર, સેક્ટર-૭ના પરિસરમાં મંગળવારે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા રોપાંનું આરોપણ કરી વૃક્ષોને દત્તક લેવામાં આવ્યાં હતાં. વિદ્યાર્થીઓને ઘર, શેરી, શહેરમાં વૃક્ષોની જાળવણી કરવા અંગે પણ શીખામણ આપવામાં આવી હતી. 'છોડ એ જ રણછોડ'ના નારા સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું. સંસ્થાના સંયોજક ડી એન વાટલિયા, આચાર્ય, શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓની સાથે રહી કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો.

બીસીએ કોલેજમાં વાલી સંમેલન યોજાયું

ગાંધીનગર, તા. ૨૪

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટસ્ટડીઝ દ્વારા આ કોલેજમાં ચાલુ વર્ષે એડમિશન મેળવ્યું હોય તેવા સેમેસ્ટર–૧ના વિદ્યાર્થીઓના વાલીઓ માટે વાલી-સંમેલન સેક્ટર-૨૩ના કોલેજ કેમ્પસ ખાતે યોજાયું જેમાં ૨૫૦ કરતાં વધારે વાલી મિત્રોએ કોલેજની મુલાકાત લીધી હતી. બીસીએમાં જ્યારે તેઓએ એડ્મિશન લીધું છે ત્યારે ટેક્નોલોજીનો બૃહદ ઉપયોગ કરીને પોતાના જીવનમાં આગળ વધવા અને સફળતાની સીડીઓ સર કરવા તેઓ માટે આ ક્ષેત્રમાં કેટલી તકો રહેલી છે તેની વિસ્તૃત માહિતી અને કોલેજ દ્વારા વિદ્યાર્થીઓના ઉત્થાન માટે કરવામાં આવતા પ્રયત્નો વિષેની માહિતી કોલેજના પ્રાધ્યાપક મિત્રો દ્વારા વાલીઓ અને વિદ્યાર્થી મિત્રોને આપવામા આવી હતી. પ્રાધ્યાપક મિત્રો દ્વારા વિદ્યાર્થીઓએ અને વાલીઓને one-to-one counseling દ્વારા વિદ્યાર્થીઓના ભણતર માટે વાલીઓએ પણ કેટલી જાગૃતતા કેળવવી જોઈએ અને પોતાના સંતાનો પર વિશ્વાસ રાખવાની વાત પર ભાર મૂક્યો હતો. તેઓએ સંસ્થાની વિશેષતાઓ અને તેમના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સંસ્થા પ્રત્યેના લગાવ વિષે ઊંડો ખ્યાલ આપ્યો હતો. વધુમાં પ્રાધ્યાપક મિત્રો દ્વારા વાલીઓને કોલેજમાં સ્થાપિત થયેલી મેન્ટરીંગ સિસ્ટમ, શિસ્ત, મિડ ટર્મ તથા યુનિવર્સિટિની examination system, યુનિવર્સિટી દ્વારા આપતી સ્કોલરશીપ, પ્રેક્ટિકલ, પ્રોજેક્ટ વર્ક ઉપરાંત કોલેજમાં દરેક સેમેસ્ટરમાં યોજાતા સેમિનાર, વર્ક શોપ અને સમયાંતરે યોજાતી ઈંડસ્ટ્રી વિઝિટની માહિતી પણ તેઓને આપવામાં આવી હતી. આ કોલેજ જ્યારે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે કટિબદ્ધ છે ત્યારે વિદ્યાર્થીઓએ માટે યોજાતી વિવિધ ઈત્તર પ્રવૃતિઓની માહિતી પણ વાલીઓને આપવામા આવી હતી. પ્રધ્યાપક મિત્રો દ્વારા વિદ્યાર્થીઓના ભવિષ્યને લઈને હાલમાં સમયની માંગ પ્રમાણે કમ્પ્યુટર અને ટેક્નોલોજી ક્ષેત્રે ઉચ્ચ અભ્યાસ ખુબજ જરૂરી છે તે બાબતે વાલીઓને અવગત કરવામાં આવ્યા હતા. વાલીઓ દ્વારા પણ વિદ્યાર્થીઓના ઘડતર માટે કોલેજ દ્વારા કરવામાં આવતા કાર્યોને બિરદાવવામાં આવ્યા હતા. વાલીઓ દ્વારા પૂછયેલા અભ્યાસ લક્ષી અને સર્વાંગી વિકાસ લક્ષી વિવિધ પ્રશ્નોનાં ફેકલ્ટી મિત્રો દ્વારા સંતોષકારક જવાબો આપવામાં આવ્યા હતા.

કોલેજ દ્વારા વિદ્યાર્થીઓના ઉત્થાન માટે કરવામાં આવતા પ્રયત્નો વિષેની માહિતી કોલેજના પ્રાધ્યાપકો દ્વારા વાલીઓ અને વિદ્યાર્થીઓને આપવામાં આવી

પેરેન્ટ્સ મીટનું આયોજન કોલેજના ડાયરેક્ટર ડો. સંજય એમ શાહના માર્ગદર્શન હેઠળ પ્રો. જૈમિની કુલકર્ણી, પ્રો. શ્વેતા વ્યાસ, પ્રો. બીજલ પરમાર, પ્રો. મેઘા ભટ્ટ, પ્રો. જિગ્નેશ પટેલ, પ્રો. ભ્રાંતવ વોરા, પ્રો. ભાવના પટેલ, પ્રો. પાલક પટેલ, પ્રો. મોનિકા પટેલ અને ડો. રિચા મેહતા દ્વારા સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું.

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ ખાતે

એડવાન્સ એકાઉન્ટિંગ અંગે વક્તવ્ય



ગાંધીનગર, તા. ૨૪

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજમાં અભ્યાસ કરતા એમકૉમના વિદ્યાર્થીઓ માટે એડવાન્સ કૉર્પોરેટ એકાઉન્ટ વિષયના સંદર્ભમાં એક્સપર્ટ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અમદાવાદ ખાતે કાર્યરત અધ્યાપક ડૉ. પાર્થ ભટ્ટ દ્વારા વિદ્યાર્થીઓને ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સમગ્ર વ્યાખ્યાનનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને વિષય ઉપરાંત બદલાતા સમય અને પરિસ્થિતિની સાથે પ્રેક્ટિકલ જ્ઞાન મળી રહે અને તેઓ વિષયને ઊંડાણપૂર્વક સમજી શકે તે હતો.

વક્તાએ કંપની ધારા ૨૦૧૩ના સુધારા સાથે એકાઉન્ટ્સના સિદ્ધાંતો, ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ રિપોર્ટીંગ સ્ટાન્ડર્ડનાં કાર્યક્ષેત્ર, ઉદ્ભવ સ્થાનથી લઈને કોના દ્વારા તેનું સંચાલન કરવામાં આવે છે તે તમામ બાબતો વિવિધ ઉદાહરણ અને રોલ પ્લે દ્વારા વિદ્યાર્થીઓને રસ પડે તે રીતે સમજાવી હતી.

સમગ્ર વ્યાખ્યાનનું આયોજન અને સંચાલન એકાઉન્ટસી વિભાગના અધ્યાપક ડૉ. ધર્મેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

મહાત્મા ગાંધી વિદ્યામંદિરમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૪

મહાત્મા ગાંધી વિદ્યામંદિર, સેક્ટર-૧૬ ખાતે મંગળવારે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સ્થાનિક શાળાના આચાર્ય કોકિલાબેન પટેલ, સેક્ટર-૭ શાળાનાં આચાર્ય વનિતાબેન બુટાણી, સેક્ટર-૧૨ શાળાનાં આચાર્ય જી એફ પટેલ, પાલજ સ્કૂલનાં આચાર્ય કેલાસબેન પટેલ, સેક્ટર-૧૬ શાળાના સંયોજક નટુભાઈ લાડાણી, સેક્ટર-૭ શાળાના સંયોજક ડી એન વાટલિયા અને નરસિંગભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યામંદિરના વિદ્યાર્થીઓ અને સ્ટાફગણે સક્રિય રહીને આ કાર્યક્રમને સફળતા બક્ષી હતી. એમણે ન માત્ર વૃક્ષો વાવ્યાં હતાં, પરંતુ તેમની સાચવણીની જવાબદારી પણ સ્વીકારી હતી.

રેઝ્યુમે મેકિંગ વિષય પર બીબીએ કૉલેજ ખાતે વર્કશોપ



ગાંધીનગર, તા. ૨૪

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન ગાંધીનગર,સેક્ટર-૨૩માં આવેલી બીબીએ કૉલેજ ખાતે તૃતીય વર્ષ ના વિદ્યાર્થીઓ માટે ઉપરોક્ત વિષય પર વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૬૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમ અંતર્ગત મુખ્ય વક્તા સિઝલ શાહ દ્વારા વિદ્યાર્થીઓને રિઝ્યુમ બનવવા માટેના તમામ પાસાઓની ઊંડાણપૂર્વક સમજ આપી હતી. ક્યાં પ્રકાર ની માહિતી નો ઉલ્લેખ રેઝ્યુમ માં ન હોવો જોઈએ તમજ ક્યાં પ્રકાર ની માહિતી હોવી જરૂરી છે તે સમજાવ્યું હતું. પ્રાથમિકતામાં કઈ માહિતી મુકવી ક્યા ફોરમેટમાં મુકવી આ તમામ તકનીકી બાબતો ઉપર ખુબ રસપ્રદ માહિતી વિદ્યાર્થીઓએ મેળવી હતી.

આર જી - એસ બી પટેલ શાળા ખાતે કારકિર્દી માર્ગદર્શન વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૨૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, સેક્ટર-૨૩ ખાતે શુક્રવારે એર હૉસ્ટેસની કારકિર્દી માટે માર્ગદર્શન વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

એરોસ્ટાર જેટ ટ્રેઈનિંગ એકેડેમી પ્રા.લિ., ચાંદખેડા, અમદાવાદના સેન્ટર કો-ઓર્ડિનેટર વિવેક દેસાઈ, આકાંક્ષા ખૂનેહ (પ્રૉફેસર), કોમલ પરમાર દ્વારા વિષય અન્વયે વિગતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને આ અંગેનાં માહિતીપત્રક પણ આપવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે શર્મિષ્ઠાબેન પટેલ, નારણભાઈ બારોટ, જશુભાઈ સુતરીયા, જ્યોત્સ્નાબેન પટેલ, પંકજભાઈ એફ પટેલ, શ્વેતાબેન ચૌધરી, સુપરવાઈઝર રમેશભાઈ પટેલ, ગીતેશભાઈ પટેલ, ગીતાબેન પટેલ અને આચાર્ય સુધાબેન પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં.

ફાર્મસી કૉલેજ દ્વારા યોજાયો વિમેન હેલ્થ વિષયે કાર્યક્રમ

શ્રીમતી આર જી પટેલ ગર્લ્સ માધ્યમિક અને શ્રીમતી એસ બી પટેલ ગર્લ્સ ઉચ્ચતર માધ્યમિક શાળા, સેક્ટર-૨૩, ગાંધીનગરનાં ૩ શિક્ષક કાર્યક્રમમાં સામેલ થયાં

ગાંધીનગર, તા. ૨૪

વિમેન ડેવલપમેન્ટ સેલ અંતર્ગત ફાર્મસી કૉલેજ દ્વારા વિમેન હેલ્થ એન્ડ હાઈજિન અંગેનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં શ્રીમતી આર જી પટેલ ગર્લ્સ માધ્યમિક અને શ્રીમતી એસ બી પટેલ ગર્લ્સ ઉચ્ચતર માધ્યમિક શાળા, સેક્ટર-૨૩, ગાંધીનગરનાં ૩ શિક્ષક - ફિરોજાબેન મનસૂરી, કામિનીબેન મહંત, શ્વેતાબેન ચૌધરીએ ભાગ લીધો હતો.

આ પ્રસંગે અતિથિતરીકે ડૉ. વીણાબેન પટેલ, કૌશલ્યાબેન પટેલ, ડૉ. ગાર્ગીબેન રાજપરા, ડૉ. મેઘાબેન ઉપસ્થિત રહ્યાં હતાં.

કાર્યક્રમની શરૂઆતમાં પ્રત્યેકના આરોગ્યની તપાસ કરવામાં આવી હતી અને ત્યારબાદ વિષય અન્વયે વિગતવાર સમજ તજ્જ્ઞોએ આપી હતી. ડાયેટિશીયન ડૉ. આશ્લેષાબેન પટેલે મહિલાઓના ડાયેટ અંગે ઉપયોગી માહિતી પૂરી પાડી હતી. ડૉ. મેઘનાબેને મહિલાઓનાં કેન્સરના પ્રકાર, તેનાં લક્ષણો અને બચવાના ઉપાયો અંગે માહિતી પૂરી પાડી હતી.

ડૉ.તેજલ દલાલે આંખોના રોગો, સાવચેતી, નિદાન, ઉપચાર અને માવજત અંગે વિગતવાર માહિતી આપી હતી. ડૉ. નિમિષા પટેલે વિમેન હેલ્થ એન્ડ હાઈજિન અંગે ઉપયોગી માહિતી પૂરી પાડી હતી.

પ્રવીણ શ્રીમાળીના સંશોધન ગ્રંથ 'દલિત લોકવિદ્યા'નું લોકાર્પણ શનિવારે ગાંધીનગરમાં યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

સમાજમિત્ર સામયિકના ઉપક્રમે દલિત લોકવિદ્યા સંશોધન ગ્રંથનો લોકાર્પણ સમારોહ શનિવારે ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો છે.

નટુભાઈ પરમારે આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે પ્રવીણ શ્રીમાળીના સંશોધન ગ્રંથ 'દલિત લોકવિદ્યા'નો લોકાર્પણ સમારોહ આગામી તા. ૨૮ જુલાઈ ને શનિવારના રોજ બપોરે ૪થી ૭ દરમિયાન ડૉ. આંબેડકર ભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો છે. આ સમારોહના અધ્યક્ષ તરીકે ઈતિહાસવિદ ડૉ. મહેશચંદ્ર પંડ્યા, લોકાર્પણકર્તા તરીકે શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના નિયામક ડૉ. અંબાદાન રોહડિયા, મુખ્ય મહેમાન તરીકે ગુજરાતી દલિત સાહિત્ય અકાદમીના પ્રમુખ પ્રવીણ ગઢવી, નિવૃત્ત નાયબ સચિવ શિવશંકર દવે, મહેસાણાના અધ્યાપક ડૉ. રાજેશ મકવાણા, અતિથિ વિશેષ તરીકે ગાંધીનગર સાહિત્યસભાના પ્રમુખ નટવર હેડાઉ, સાહિત્યકાર ભદ્રેસરિયા અને વડોદરાનાં કવયિત્રી હિનાબેન ગાંધી ઉપસ્થિત રહેશે.

એલડીઆરપી કૉલેજ રાષ્ટ્રકક્ષાએ ઝળકી

ગાંધીનગર, તા. ૨૪

IIT મદ્રાસ દ્વારા સંચાલિત નેશનલ પ્રોગમ ઓન ટેકનોલોજી એનહાન્સ્ડ લર્નિંગ (NPTEL) દ્વારા કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર સંચાલિત એલ.ડી.આર.પી. કોલેજે છ ગ્રેડ પ્રાપ્ત કરી રાજયકક્ષાએ દ્વિતીય કક્ષાએ સ્થાન પ્રાપ્ત કરેલ છે. NPTEL દ્વારા રાષ્ટ્રીય કક્ષાએ આયોજિત પરીક્ષામાં કોલેજના ૧૬૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાંથી ૮ વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીયકક્ષાએ શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું. ૧૧૭ વિદ્યાર્થીઓએ પ્રસંશનીય કામગીરી કરીને સંસ્થાને ગૌરવાન્વિત કરી છે. ઉર્તીણ વિદ્યાર્થીઓને NPTEL દ્વારા સ્કોલરશીપ પ્રાપ્ત કરી હતી.

રાષ્ટ્રીયકક્ષાએ શ્રેષ્ઠ કામગીરી બદલ સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ એમ. પટેલ દ્વારા કોલેજના આચાર્ય ડો. ગાર્ગી રાજપરા અને વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.